Bid Application Form for participation in Auction cum Sale

(Before filling up the Bid Application Form, bidders are advised to read the Terms & Conditions for Sale of Secured Assets)
(Please fill in the Capital Letters)

Date :
Place :

To,
Chief Executive Officer
The Co-Operative Bank of Rajkot Ltd.
Having Registered Office at;
'Sahakar Sarita',
Panchnath Road, Rajkot - 360 001

Dear Sir / Madam,

I / We _____ express my / our willingness to participate in Auction notified vide your Public Notice for Auction cum sale in the Akila & Sanj Samachar, News paper dated 31.07.2026 for Sale of Immovable Properties / Secured Asset described hereinbelow and I / We submit the below mentioned instrument towards Earnest Money Deposit (EMD) and other relevant / requisite details :

A. Details of Property

ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ રાજકોટના શહેર રાજકોટમાં નિર્મળા કોન્વેન્ટ સ્કૂલ રોડ ઉપર રૈયા ગામના રેવન્યુ સર્વે નં. ૧૩૩/૧-૨, ૧૩૮, ૧૩૯ ના પ્લોટ નં. ૩૫, ૩૬ પૈકીની કુમ જમીન ચો.મી.આ. ૧૨૧૦-૪૩ સહીતના ઓમકાર રેસીડેન્શીયલ એન્ડ કોમર્શીયલ કોમ્પ્લેક્ષના નામથી ઓળખાતી બીલ્ડીંગ જેમાં ફર્સ્ટ ફ્લોર ઉપર આવેલ ઓફીસ નં. ૩ તથા તેને લાગુ શોપ નં. ૪, ૫ તથા ૬ જેનો કુલ કારપેટ એરીયા આશરે ચો.ફૂટ ૧૬૧૨-૦૦ છે. જેનો સુપર બીલ્ટઅપ એરીયા ચો.ફૂટ ૨૩૪૯-૦૦ છે, જેની ચર્તુસીમા નીચે મુજબ છે : ઉત્તરે : શોપ નં. ૭ આવેલ છે, દક્ષિણે : ફ્લેટ્સનું ઓટીએસ આવેલ છે, પૂર્વે : પેસેજ આવેલ છે, પશ્ચિમે : માર્જીનવાળી જગ્યા આવેલ છે.

ટુકું સરનામું : ફર્સ્ટ ફ્લોર, ઓમકાર રેસીડેન્શીયલ એન્ડ કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, નિર્મળા સ્કૂલ સામે, નિર્મળા સ્કૂલ રોડ, રાજકોટ

B. Details of Interested Bidder/s

(a)	Name of Bidder/s - (Individual / NRI / PIO / OCI / Sole Proprietorship / Partnership Firm / Company)	
(b)	Postal Address of the Bidder/s (Permanent) If Bidder/s is a Non-Individual - Office Address	
(c)	Postal Address of the Bidder/s (Current) If Bidder/s is a Non-Individual - Office Address	

(d)	Bank Account Details of the Bidder/s	
	Account Name :	
	Account No. :	
	Bank Name :	
	Branch Name :	
	IFSC Code :	
(e)	If Bidder/s is a Non-Individual : Name and Designation of the Authorised Representative	
(f)	Bidder/s Telephone No. Landline	
	Mobile	
(g)	Bidder/s Email ID	
(h)	Bidder/s Pan /Aadhar Pan No.	
	Aadhar No.	
(i)	Bidder/s Company Identification No.	
(j)	Other documents submitted as proof of identity	

C. Details of Remitt Earnest Money Deposit (EMD)

(a)	Account Name	Authorized Officer, The Co-Operative Bank of Rajkot ltd.
(b)	Account No.	01543100000003
(c)	IFSC Code	YESB0RAJ001
(d)	Bank Name	The Co-Operative Bank of Rajkot Ltd.
(e)	Branch Address	Panchnath Road, Rajkot
(f)	Mode of Payment	RTGS / NEFT / Demand Draft / Pay Order
(g)	Amount Rs.	
(h)	Date	
(i)	UTR No. / DD or Pay Order No.	

D. Details of BID (Rs.)

(a)	Bid Amount (in figures)	
(b)	Bid Amount (in words)	

જાહેર હરાજી અંગે પ્રાથમિક નિયમો અને શરતો અંગે બાહેંધરી પત્ર

પ્રતિશ્રી,
ઓથોરાઈઝ્ડ ઓફીસરશ્રી,
ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી.
રાજકોટ.

સાહેબશ્રી,

૦૧. મિલ્કત 'જ્યાં છે ત્યાં, જે છે તે અને જેમ છે તેમ' ના ધોરણે વેચવામાં આવશે.

૦૨. બીડર તમામ બાબતોની સંપૂર્ણ ચકાસણી કરવા માટે તેમજ સુચવેલ તારીખ અને સમયે ઉપર જણાવેલ મિલ્કતની વિગતોનું નિરીક્ષણ કરવા જવાબદાર છે. બીડ ભરતા પહેલા મિલ્કતનું ઇન્સ્પેક્શન કરવાની જવાબદારી અને મિલ્કત પરત્વે તમામ બાબતોનું સંતોષકારક રીતે ડ્યુડીલીજન્સ કરવાની તમામ જવાબદારી બિડરની છે. બીડર મિલ્કતનું ઇન્સ્પેક્શન સંબંધિત બેંક અધિકારી સાથે કન્સલ્ટેશનથી અને સંમતિ બાદ કરશે. બીડરને હરાજીની કોઈ શરતો સમજવામાં કોઈપણ જાતની મુશ્કેલી પડે તો તે બેંકના અધિકૃત અધિકારી, મો.નં. ૯૩૧૩૯ ૨૬૪૩૪ નો હરાજી પહેલા કે હરાજી દરમ્યાન સંપર્ક કરી સમજણ મેળવી શકશે.

૦૩. બીડરોને જાણ કરવામાં આવે છે કે તેઓએ બીડ સુપ્રત કરતાં પહેલા ઉપર જણાવેલ સ્થાવર મિલ્કતને લગતા ટાઈટલ અંગે તેમના હીતમાં તેમની રીતે સંપૂર્ણ સંતોષ મેળવવો. વેચાણ અંગે હરાજીની શરતો તથા સેલ નોટીસ વાંચવાની જવાબદારી બીડરની રહેશે તથા બીડરે તે મુજબ જ વર્તવાનું રહેશે અને બીડરને બીડ / ઓક્શનમાં ભાગ લીધા પછી પ્રોપર્ટીના ટાઈટલ સંબંધીત કોઈપણ વિવાદ અથવા પ્રશ્ન ઉઠાવવાનો હક્ક રહેશે નહીં.

૦૪. ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી.ને બીડર દ્વારા બીડ રજુ થયે બીડર દ્વારા નીચે દર્શાવેલ હકીકતોની સંપૂર્ણ માહિતીની ચકાસણી કર્યા બાદ જ બીડ કરવામાં આવેલ છે તેવું માનવામાં આવશે.

૪.૧ તેણે / તેણીએ તમામ બાબતો અંગે યોગ્ય ડ્યુડીલીજન્સ કરેલ છે.

૪.૨ મિલ્કતની તમામ વિગતો / ક્ષેત્રફળ / ટાઈટલ અંગે તે / તેણી સંતુષ્ટ છે.

૪.૩ હરાજીનું સંચાલન કરતી શરતો અને નિયમોની સંપૂર્ણ જાણકારી ધરાવે છે.

૪.૪ બેંક સામે જો કોઈ હયાત દાવો હોય તો કે કોઈપણ ભાવી તારીખોએ કોઈપણ જાતના બેંકની વિરુધ્ધમાં દાવાઓ કરવા માટેના તેના / તેણીના / તેના તમામ હક્કો જતાં કરે છે.

૦૫. બીડરે ઓથોરાઈઝ્ડ ઓફીસર, ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી.ની તરફેણમાં બેંકર્સ ચેક / ડીડી / એન.ઈ.એફ.ટી. / આર.ટી.જી.એસ. દ્વારા અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઇ.એમ.ડી.) ની રકમ એટલે કે રીઝર્વ રકમની ૧૦% રકમ તેમજ બીડ ફોર્મ સીલબંધ કરવામાં <u>તા. ૦૧.૦૯.૨૦૨૬ ના બપોરે ૪.૦૦ કલાક સુધીમાં</u> અથવા તે પહેલા જમા કરાવવાના રહેશે. વધુમાં નોંધ લેવી કે સફળ બીડરની ઇ.એમ.ડી.ની રકમ વેચાણની કિંમત સામે સરભર કરવામાં આવશે અને અસફળ બીડર(રો) ની ઇ.એમ.ડી. રકમ પરત કરવામાં આવશે. બિડરે તેના બેંક ખાતાની સંપૂર્ણ વિગત આપવાની રહેશે.

૦૬. આવેલ બોલીઓના કવર હરાજીના સમયે ખોલવામાં આવશે. વધુમાં વધુ પ્રથમ પાંચ ઉંચી ઓફર (બોલી) બોલનાર વચ્ચે જાહેર હરાજી / લીલામ તે જ વખતે તે જ સ્થળે કરવામાં આવશે. બોલી બોલનાર પોતાની બોલીની રકમ વધારી શકશે.

૦૭. બીડમાં ઓછામાં ઓછો રૂા. ૧,૦૦,૦૦૦/- થી ઉછામણી થઈ શકશે.

૦૮. મેળવેલ બીડમાંથી જે બીડ ઉચ્ચામાં ઉચ્ચી કિંમતની હશે તે બીડમાં દર્શાવેલ કિંમત તે મિલ્કતની મુળ કિંમત ગણી એટલે કે બેઝ પ્રાઈઝ ગણી બીડર તે બીડની રકમ કરતા વધુ રકમથી ઉછામણી કરવાની મંજુરી આપવામાં આવશે.

૦૯. સકસેશફુલ બીડરે તાત્કાલીક અથવા તેની / તેણીની / તેને તરફેણમાં વેચાણ મંજુર થયે એટલે કે વધુમાં વધુ બેંકના કામકાજના બીજા દિવસે બીડની ૨૫% રકમ ઇ.એમ.ડી.ના ૧૦% સહીત અને બાકીની રકમ ઓથોરાઈઝ્ડ ઓફીસર, ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી.ની. તરફેણમાં બેંકર્સ ચેક / ડીડી / આર.ટી.જી.એસ. / એન.ઈ.એફ.ટી. દ્વારા ૧૫ માં દિવસે અથવા તે પહેલા જમા કરવાની રહેશે.

૧૦. જો સફળ બીડર સમયમર્યાદામાં બીડની શરતો મુજબની રકમ બેંકમાં નહીં ભરે તો બીડરની જમા ડીપોઝીટ રકમ બેંક દ્વારા ફોરફીટ કરવામાં આવશે અને ડિફોલ્ટ કરનાર બીડરને ફોરફીટ થયેલ રકમ બાબતે કે મિલ્કત અંગે કોઈ ક્લેમ કરવાનો અધિકાર રહેશે નહી અને જો સફળ બીડર સમયમર્યાદામાં બીડની શરતો મુજબની રકમ બેંકમાં નહીં ભરે તો બીજા નંબરના બોલીદારની બોલીને લક્ષમાં લેવામાં આવશે અને બીજા નંબરના બોલીદારને સફળ બીડર તરીકે જાહેર કરવામાં આવશે.

૧૧. સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી, ટ્રાન્સફર ફી, મેઈન્ટેનન્સ ચાર્જીસ, ઈલેક્ટ્રીક ચાર્જીસ વગેરે માટે ચુકવવાપાત્ર ચાર્જીસ / ફી વગેરે તમામ ખર્ચ સફળ બીડરે ભોગવવાનો રહેશે. એટલે કે તમામ જવાબદારી માત્ર સફળ બીડરની રહેશે. બેંક કે બેંકના અધિકૃત અધિકારી વેચાણ હેઠળની મિલ્કતના સંબંધમાં સરકારી અથવા સ્થાનિક સંસ્થા અથવા કોઈપણ અન્ય પ્રાધીકરણની કોઈપણ બાકી રકમ, ચાર્જ, ભોગવટા હક્ક, મિલ્કત વેરા માટે જવાબદારી લેશે નહીં.

૧૨. બેંક કે બેંકના અધિકૃત અધિકારી કોઈપણ કારણ જણાવ્યા વગર અથવા કોઈપણ આગોતરી નોટીસ આપ્યા વગર બીડનો સ્વીકાર / અસ્વીકાર કરવાનો અથવા વેચાણ મોકુફ / મુલત્વી / રદ્દ કરવાનો અથવા વેચાણની કોઈપણ શરત અને નિયમોમાં ફેરફાર કરવાનો અથવા કોઈપણ તબક્કે હરાજીની કાર્યવાહીમાંથી કોઈપણ મિલ્કત અથવા તેનો ભાગ પાછો ખેંચવાનો અનામત હક્ક ધરાવે છે.

૧૩. સફળ બીડર દ્વારા કરવામાં આવનાર વેચાણ અવેજની ચુકવણી તે ટેક્સ એક્ટ, ૧૯૬૧ ની કલમ ૧૯૪-૧-એ હેઠળ ટી.ડી.એસ. પાત્ર છે. સફળ બીડર દ્વારા અવેજ ઉપર ચુકવવાની થતી ટી.ડી.એસ.ની રકમ ટેક્સ ડીપાર્ટમેન્ટમાં સીધે સીધી / ડાયરેક્ટ ભરી આપવાની રહેશે. આ ટી.ડી.એસ.ની રકમ અવેજ બેંકને ચુકવતી વખતે સાથોસાથ સંબંધીત ટેક્સ ડીપાર્ટમેન્ટમાં ભરી આપવાની છે. જો સફળ બીડર ટી.ડી.એસ.ની રકમ ભરવામાં નિષ્ફળ નિવડે તો બેંક અવેજની રકમમાંથી ટી.ડી.એસ.ની રકમ કાપી ટેક્સ ડીપાર્ટમેન્ટમાં ચુકવી આપશે અને આ રીતે ચુકવેલ રકમ બીડર ખાતે ઉધારશે.

૧૪. બીડરે પોતાનું પુરું નામ અને પુરું સરનામું આપવાનું રહેશે અને બીડ પોતાના માટે કે અન્ય કોઈ વતી રજુ કરે છે તે ખાસ જણાવવાનું રહેશે. આવા કિસ્સામાં યોગ્ય ઓથોરીટી લેટર (અસલમાં) રજુ રાખવાનો રહેશે તેમજ આવા કિસ્સામાં યોગ્ય ઓથોરીટી લેટરમાં તેમનું પુરું નામ અને પુરુ સરનામું તે પાર્ટીના પાન / ટી.એ.એન. નંબર અને તેની ફોટો કોપી રજુ રાખવાની રહેશે અને આ યોગ્ય ઓથોરીટી લેટર અન્વયે બેંકના ઓથોરાઈઝ્ડ ઓફીસર દ્વારા વેચાણ કન્ફર્મેશન સંબંધે લેવામાં આવેલ નિર્ણયને આખરી નિર્ણય ગણાશે.

૧૫. સુચીત ખરીદનારાઓએ / પ્રોસ્પેક્ટીવ બીડરને સુચવવામાં આવે છે કે હરાજીમાં ભાગ લેતા પહેલા મિલ્કતના ટાઈટલની નકલો બેંકની સંબંધીત શાખામાં આવી ચકાસી લે અને મિલ્કત ઉપર કોઈ બોજો છે કે નહી તે બાબત જાતે તપાસ કરી લે અને મિલ્કત સંબંધે સર્ચ કરાવી લે અને રેવન્યુ રેકોર્ડ પણ ચકાસી લે અને મિલ્કતના વર્ણન વગેરેની પણ યોગ્ય ચકાસણી કરી લે અને મિલ્કત ઉપર કોઈ લીયન, બોજો, સીક્યુરીટી ડ્યુઝ વગેરે નથી તેવું હરાજીમાં ભાગ લેતા પહેલા ચકાસી લે. અધિકૃત અધિકારી અથવા બેંક આવા કોઈપણ ચાર્જ, લીયન, બોજા કે સરકારી કે અન્ય કોઈ લેણા અંગે કે જે સંબંધે બેંકને જાણકારી નથી અને તે અંગે બેંકની કોઈ જવાબદારી રહેશે નહી. સક્સેશફુલ બીડર દ્વારા મિલ્કત સંબંધેનો બોજો જો કોઈ હોય તો તેની જાણ સાથે તથા બોજા સાથે ખરીદેલ હોવાનું માનવામાં આવશે.

૧૬. કોઈપણ સંજોગોમાં વેચાણ નોટીસમાં જણાવવામાં આવેલ વેચાણ અંગેની અનામત રકમ કરતા નીચા ભાવે વેચાણ થઈ શકશે નહીં. આવા પ્રસંગે હરાજી મુલત્વી કે રદ્દ કરવાની સત્તા બેંક કે બેંકના અધિકૃત અધિકારીની રહેશે.

૧૭. નીચે દર્શાવેલ કોઈપણ એક દસ્તાવેજ ઓળખના આધાર તરીકે માન્ય રહેશે.

૧૭.૧ ચૂંટણી કાર્ડ / આધાર કાર્ડ

૧૭.૨ પાન કાર્ડ

૧૭.૩ બીડરનું નામ ધરાવતું રાશન કાર્ડ

૧૭.૪ ફોટો સાથેનું ડ્રાઈવીંગ લાયસન્સ

૧૭.૫ પાસપોર્ટ

૧૭.૬ બીડરનો ફોટો ધરાવતું કોઈપણ સરકાર માન્ય ઓળખ કાર્ડ

બીડ સાથે ઉપરોક્ત ઓળખના આધારની નકલ રજુ કરવાની રહેશે.

૧૮. અધૂરી / અપૂરતી માહીતી ધરાવતી બીડ કે યોગ્ય ઇ.એમ.ડી. વગરની બીડ કે હરાજીની શરતોથી વિરુધ્ધની બીડ અથવા સમયમર્યાદા બાદ રજુ થયેલ બીડ રદ્દ કરવામાં આવશે.

૧૯. કોઈપણ બીડરને બીડ રજુ કર્યા બાદ અને હરાજીની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી બીડ વિડ્રો / પરત ખેંચી શકશે નહીં. બીડર દ્વારા સબમીટ કરવામાં આવેલ બીડ રદ્દ / પાછી ખેંચી શકાશે નહીં અને બીડર અંતિમ બીડ કિંમતે મિલ્કત ખરીદવા માટે બંધાયેલા રહેશે. અહીં દર્શાવેલ હરાજીના કોઈપણ નિયમો અને શરતોનું પાલન કરવામાં બીડરની નિષ્ફળતાના પરિણામે ડીફોલ્ટીંગ બીડર દ્વારા ચુકવવામાં આવેલી રકમ જપ્ત કરવામાં આવશે.

૨૦. બીડ રજુ થયા બાદ હરાજી મુલત્વી કે રદ્દ થાય તેવા કિસ્સામાં ઇ.એમ.ડી. ની રકમ જે બીડ સાથે રજુ થયેલ હશે તે વ્યાજ વગર અથવા/તથા કોઈપણ જાતના ખર્ચ વગર જે તે બીડરને તેમના જે તે ખાતામાં પરત આપવામાં આવશે.

૨૧. હરાજી નોટીસમાં કરવામાં આવેલ મિલ્કતનું વર્ણન બેંકના ઓથોરાઈઝ્ડ ઓફીસર પાસે ઉપલબ્ધ માહિતીના આધારે કરવામાં આવે છે અને ઓથોરાઈઝ્ડ ઓફીસર મિલ્કતના વર્ણનમાં કોઈ ચુક કે ભૂલ અંગે જવાબદાર રહેશે નહીં.

૨૨. જો કોઈપણ સંજોગોમાં વેચાણ કન્ફર્મ ન થાય તેવા પ્રસંગે જે અવેજ બીડરોએ ચુકવેલ હશે તે પરત કરવામાં આવશે, તે સિવાય અન્ય કોઈ રકમ મેળવવા બીડરને કોઈ અધિકાર રહેશે નહીં કે માંગી શકશે નહીં.

૨૩. દસ્તાવેજ તે બીડની પૂરેપૂરી રકમ જમા થયે / ચુકતે થયે સફળ બીડરની તરફેણમાં કાયદાના પ્રાવધાનો મુજબ કરી આપવામાં આવશે. દસ્તાવેજમાં બીડ ફોર્મમાં દર્શાવેલ નામ સિવાય અન્ય કોઈ નામનો ઉમેરો કે નામ બદલી આપવામાં આવશે નહીં અને તેવી વિનંતી પણ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

૨૪. જો હરાજી અનામત કિંમત કરતાં ઓછી ન હોય તેવી રકમની બીડના અભાવે મુલતવી રાખવામાં આવી હોય, તેવા કિસ્સામાં સુરક્ષતિ લેણદાર / બેંકના પ્રતિનિધિએ પછીની કોઈપણ હરાજી વખતે સુરક્ષીત લેણદાર / બેંક વતી ભાગ લઈ શકશે.

૨૫. આ હરાજીમાં મિલ્કતમાં અંદર દિવાલોમાં તથા અન્ય રીતે જોડાયેલ ફર્નીચરનો સમાવેશ થયેલ છે.

૨૬. હરાજી / બોલીના સમયે અન્ય શરતો વાંચી સંભળાવવામાં આવશે, જે બીડર્સને બંધનકર્તા રહેશે.

૨૭. ઉપર જણાવેલ તમામ શરતો હરાજી પ્રક્રિયાના તમામ બીડર્સને બંધનકર્તા રહેશે.

૨૮. વિવાદની સ્થિતિમાં આ પ્રાથમિક નિયમો અને શરતો અંગે બેંક કે બેંકના અધિકૃત અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

Thanking You,

Signature

Name of Bidder / Authorised Signatory	
Designation (if Applicable)	
e-mail ID	
Mobile No.	

Enclosures :
(i) Declaration by Bidder /s
(ii) KYC Documents
(iii) Proof of Remittance of EMD